અગ્નિ શમન અને તાત્કાલિક સેવાઓ
વડોદરામહાનગરપાલિકા
દાંડિયા બજાર, વડોદરા .૩૯૦ ૨૦૯ + ૧૨

ફોન: ૨૪૧૩૬૩૫, ૨૪૧૩૭૫૨
૨૪૨૦૮૮૧, ૨૪૧૩૭૫૩
ફેકસ: (૦૨૬૫-૨૪૨૦૮૮૧)

અ.તા.સે.જા.નં.: 399
તારીખ: 17.06.16

પ્રતિ
શ્રી નગર નિયોજક,
શહેરી વિકાસ સત્તા મંડળ,
વુડા ભવન, વુડા સર્કલ પાસે,
વડોદરા.

વિષયઃ : મોજે સેવાસી, તા.જી. વડોદરાના રે.સ.નં. ૧૨૮, ઓ.પી.નં. ૧૫, ફા.પ્લોટનં. ૧૫, ટી.પી.-૩, વાળી જમીનમાં કોમર્શીયલ + રેસીડેન્સીયલ બહુમાળી બિલ્ડીંગનાં (પાંચ ટાવર, ગ્રાઉન્ડ ફ્લોર + ૫ માળ) બાંધકામ માટે અગ્નિ શમન અને તાત્કાલિક સેવાઓ વિભાગનું પ્રોવિઝનલ ફાયર એન.ઓ.સી. આપવા બાબત.

અનુસંધાનઃ આપનો પત્ર ક્રમાંક યુ.ડી.એ. / પ્લાન -૬ / ૧૪ / ૨૦૧૬ તા.૧૮-૦૪-૧૬ થી અત્રેની કચેરીએ તા.૨૯-૦૪-૧૬નાં રોજ રજૂ કરેલ નકશા સહીત ફાઇલ અન્વયે.

સંદર્ભઃ અરજદારશ્રી પ્રજાપતિ અમૃતલાલ મોતીભાઇ તથા અન્યની તા.૧૧-૦૩-૧૬ની અરજી.

ઉપરોકત વિષયનાં અનુસંધાનમાં સવિનય સહ જણાવવાનું કે. આપશ્રી તરફથી તા.૨૦૯-૦૫-૧૬નાં રોજ અત્રેની કચેરીએ પત્ર તથા નકશા સહીત ફાઇલ રજૂ કરી મોજે સેવાસી, તા.જી. વડોદરાના રે.સ.નં. ૧૨૮, ઓ.પી.નં. ૧૫, ફા.પ્લોટનં. ૧૫, ટી.પી.-૩, વાળી જમીનમાં કોમર્શીયલ + રેસીડેન્સીયલ બહુમાળી બિલ્ડીંગનાં (પાંચ ટાવર, ગ્રાઉન્ડ ફ્લોર + ૫ માળ) બાંધકામ માટે અગ્નિ શમન અને તાત્કાલિક સેવાઓ વિભાગનું પ્રોવિઝનલ ફાયર એન.ઓ.સી. મેળવવા માંગણી કરવામાં આવેલ છે. તે સંદર્ભે સદર બહુમાળી બિલ્ડીંગમાં ફાયર ફાઇટીંગની સુવિધાઓ કરવા અંગે નીચે જણાવેલ સૂચનો જાહેર સલામતી માટે આપવામાં આવે છે. જેનો ચુસ્ત અમલ GDCR અનુસાર કરવાનો રહેશે.

સૂચનોઃ

૧. નેશનલ બિલ્ડીંગ કોડ ઓફ ઇન્ડીયાનાં ચેપ્ટર-૪માં જણાવ્યા અનુસાર બહુમાળી બિલ્ડીંગમાં ફાયર ફાઇટીંગની સુવિધાઓ નિયમ પ્રમાણે જાહેર સલામતી માટે કરવાની રહેશે.

૨. ફાયર ફાઇટીંગની વેટ રાઇઝર સીસ્ટમ રૂબરૂ ચાર્ચા કર્યા પ્રમાણે દરેક દાદર પાસે ૪" ડાયા મીટરની ગેલ્વેનાઇઝ – આયર્ન પાઇપ પોસ્ટ ઓફીસ લાલ કલરથી ઓઇલ પેઇન્ટ કલર કરવાનો રહેશે અને અંડર ગ્રાઉન્ડ પાઇપ લાઇનને ડામર પ્લાસ્ટિક કરી કોટીંગ કરવું.

૩. બિલ્ડીંગના દરેક માળે સ્ટેરકેસ પર બધા જોઇ શકે તેવી જગ્યાએ નિયત ડીઝાઇનનું તથા મેકનું હોઝ બોક્ષતથા ૬૩ mm ડાયા મીટરની હોઝ પાઇપ, બ્રાન્ચ પાઇપ મૂકવા તથા રાઇઝર લાઇન પર ફાયર હાઇડ્રન્ટ લેન્ડીંગ વાલ્વ મૂકવાનાં રહેશે.

૪. બિલ્ડીંગના દરેક માળે ફાયર એલાર્મ સીસ્ટમની પીલ બોક્ષ પ્રકારની સ્વીચ તથા આખા બિલ્ડીંગમાં સાંભળી શકાય તે પ્રમાણે ઓલ્ટરનેટ ફ્લોર પર ફાયર એલાર્મ બેલ મૂકવાનો રહેશે તથા સ્વીચ પાસે લાલ કલરનાં અક્ષરથી ફાયર એલાર્મ લેટરીંગ બધાં વાંચી શકે તે પ્રમાણે કરવાનું રહેશે.

૫. બિલ્ડીંગના દરેક માળે આઇ. એસ. આઇ. માર્કાનાં ૬ કે.જી.ની ક્ષમતા વાળુ ડ્રાય કેમીકલ પાઉડર ફાયર એક્ષ્ટીંગયુઝર્સ નંગ-૦૧ તગા ૯ લીટરની ક્ષમતા વાળું વોટર ટાઇપ ફાયર એક્ષ્ટીંગયુઝર્સ નંગ-૦૧ મૂકવું તથા તેના પર બિલ્ડીંગનું નામ લેટરીંગ કરવું.

૬. બેઝમેન્ટ હોય ત્યાં સ્પ્રીન્કલર સીસ્ટમ તથા દરેક પ્રકારના સાધનો તથા ફાયર હાઇડ્રન્ટ મૂકવાના રહેશે. સ્પ્રીન્કલર સીસ્ટમની પાઇપ લાઇન પર અલગ વ્હીલ વાલ્વ મૂકી તે જગ્યાએ લેટરીંગ / પેઇન્ટીંગ કરવાનું રહેશે.

૭. દરેક માળે પુરતી પહોળાઇનાં દાદર એવી રીતે રાખવા કે જેથી ટ્રાવેલ ડીસ્ટન્સથી ૨૨.૫ મીટરથી વધે નહીં.

૮. પાર્કીંગ ફકત ગ્રાઉન્ડ ફ્લોર પર હોય ફાયર હાઇડ્રન્ટ સીસ્ટમ જી.આઇ.પાઇપમાં કરીને અમારી સૂચના પ્રમાણે પાર્કીંગમાં ફાયર હાઇડ્રન્ટ તથા તેના સાધનો વિગેરે મૂકવાના રહેશે.

૯. ફાયર હાઇડ્રન્ટ રાઇઝર લાઇન ઉપર જરૂર પડે લાઇન બંધ કરવા માટે આઇસોલેટીંગ વ્હીલ વાલ્વ ૪ ફૂટની ઉંચાઇ પર મૂકવાનો રહેશે.

૧૦. ફાયર ફાઇટીંગના દરેક પ્રકારનાં સાધનો ઉપર જે તે બહુમાળી બિલ્ડીંગનું નામ લેટરીંગ / પેઇન્ટીંગ કરાવવાનું રહેશે.

૧૧. ફાયર ફાઇટીંગ તથા બચાવ કામગીરી માટે ફાયર બ્રિગેડના વાહનો ઝડપી અને સહેલાઇથી એપ્રોચ થઇ શકે તે માટે સાઇડ તથા ફ્રન્ટ બાજુ બીજો ૨૦ ટન વજનની ક્ષમતાં વાળો એપ્રોચ રસ્તો નકશામા દર્શાવ્યા પ્રમાણેનો ખુલ્લો તથા ઓપન ટુ સ્કાય રાખવાનો રહેશે.

૧૨. બિલ્ડીંગની આગળ તથા બન્ને બાજુએ ફાયર બ્રિગેડના વાહનોનાં ઓપરેશનને નડતર રૂપ રસ્તામાં પડતાં ઝાડ / ઓવર હેડ ટેલિફોન તથા ઇલેકટ્રીક લાઇન પસાર થતી હોય તો તે અડચણ દૂર કરવાની રહેશે.

૧૩. ફાયર પંપ, ફાયર લીફ્ટ, પેસેજ / લોબી / સ્ટેરકેસની લાઇટો, ફાયર એલાર્મ સીસ્ટમ માટે ઇમરજન્સીમાં ઉપયોગ કરી શકાય તેટલી પુરતી ક્ષમતા વાળુ ડી.જી. સેટ (જનરેટર / ડીઝલ પંપ) રાખવાનું રહેશે અને તેનાથી પુરતા પ્રેસરથી ફાયર પંપનો ટેસ્ટ આપવાનો રહેશે.

૧૪. અંડર ગ્રાઉન્ડ ફાયર વોટર ટેન્ક એક લાખ લીટરની તથા ઓવર હેડ વોટર ટેન્ક ૨૦,૦૦૦ લી.ની નિયમ અનુસાર પાણી ભરેલી રાખીને ફાયર પંપ સાથે જોડાણ કરવું અને જી.ઇ.બી. ના ઇલેકટ્રીક સપ્લાયથી તથા જનરેટરથી પાણીના પ્રેસર માટે ફાયર પંપનું ટેસ્ટીંગ આપવાનું રહેશે.

૧૫. જલ્દીથી સળગી ઉઠે તેવા ધંધાના પ્રકારની કોઇપણ દુકાનો તથા ગોડાઉન માટે બિલ્ડીંગના કોઇપણ ભાગમાં જાહેર સલામતી માટે આપવી નહીં તથા ખાસ ફટાકડા વહેંચવા માટે દુકાન આપવી નહીં.

૧૬. રસ્તામાં આવતા ડ્રેનેજ, વોટર ટેન્ક તથા કોઇપણ પ્રકારનાં ચેમ્બરનાં ઢાકણા હેવી ડયુટીના અને ઓછામાં ઓછુ ૨૦ ટન વજન વાહનોનું લઇ શકે તેવા મજબૂત ફીટ કરવા.

૧૭. બિલ્ડીંગના આગળના ભાગે ફોર-વે કલેકટીંગ હેડ (વોટર ઇન્લેટ) ફાયર એન્જીનથી ઇમરજન્સીમાં રાઇઝરમાં પાણી મેળવી શકાય તે માટે મૂકવાનો રહેશે. બિલ્ડીંગની પહોળાઇ વધારે હોય તો બન્ને બાજુ ફોર-વે કલેકટીંગ હેડ લગાવવાના રહેશે. બે થી વધારે ટાવરની સંખ્યા માટે દરેક રાઇઝર લાઇન પર ગ્રાઉન્ડ ફ્લોર પર ફોર વે કલેકટીંગ હેડ મૂકવો.

૧૮. લીફ્ટ એકટ અંગે સરકારશ્રીના નિયમાનુસાર પુરતી ક્ષમતાની તથા અધિકૃત કંપનીની લીફ્ટ રાખવાની રહેશે અને આ માટે ઇન્સ્પેકશન ઓફ લીફ્ટ, ગાંધીનગરનું ટેસ્ટીંગ દર વર્ષે જાહેર સલામતી માટે કરાવવાનું રહેશે.

૧૯. સદર બહુમાળી બિલ્ડીંગ અંગે અધિકૃત સ્ટ્રકચર એન્જીનીયરશ્રીનું સર્ટીફીકેટ મેળવીને તથા તેઓના માર્ગ દર્શન હેઠળ બાંધકામની મજબુતાઇ માટે તથા ધરતીકંપ જેવી હોનારતમાં ટકી શકે તે પ્રમાણે બાંધકામ કરવાનું રહેશે તથા અત્રે રજુ કરેલા નકશામાં અત્રેના સૂચનો પ્રમાણે બાંધકામ કરવાનું રહેશે.

૨૦. ભીષણ આગ લાગે ત્યારે તથા ઇમરજન્સી માટે જરૂરી એકશન પ્લાન તૈયાર કરીને ફરજ પરના તમામ સ્ટાફને તથા ભોગવટો કરનારને અમલ માટે અને જરૂરી સૂચના / તાલીમ આપવી અને તેનું ચુસ્ત પાલન કરાવવું.

૨૧. દર વર્ષે બિલ્ડીંગમાં રાખવામાં આવેલ ફાયર ફાઇટીંગની સુવિધાઓનું જાહેર સલામતી માટે ટેસ્ટીંગ કરાવી રીન્યુઅલ કરાવવાનું રહેશે.

૨૨. બાંધકામ પુરૂ થયા બાદ નિયમ પ્રમાણે અત્રે લાગત ભરીને ટેસ્ટીંગ કરાવવાનુ રહેશે. બાંધકામ પુરુ થયા બાદ અત્રેના સૂચનોની પુર્તતા બાબતે અત્રે ટેસ્ટીંગ માટે લેખિત અરજી કરવી જેથી અત્રેથી ઇન્સ્પેકશન / ટેસ્ટીંગ કરી શકાય.

૨૩. વુડાના નિયમો અને સૂચના અનુસાર તથા અત્રેના સૂચનો પ્રમાણે બાંધકામ કરવાનું રહેશે.

૨૪. એક ફાયર લીફટ તથા એક ઇમરજન્સી સ્ટેરકેસ જાહેર સલામતી માટે રાખવાના રહેશે. બાકીની લીફટની સંખ્યા તથા સ્ટેરકેશની સંખ્યા ટાઉન પ્લાનીંગ શાખાના નિયમોને આધીન રહીને રાખવાનાં રહેશે.

૨૫. સદર બિલ્ડીંગ માટે પાછળથી વડોદરા મહાનગર સેવા સદનનાં ચીફ ઓફિસર (ફાયર) શ્રી તરફથી કે સરકારશ્રીનાં ધારા ધોરણ પ્રમાણે જાહેર સલામતી માટે જો કોઇ વધારાના સૂચનો હશે તો તેનો ચુસ્ત અમલ કરવાનો રહેશે.

૨૬. ફાયર ફાઇટીંગ સુવિધાઓની વિગત દર્શાવતું ડ્રોઇંગ પ્રમાણીત કરાવી કામ ચાલુ કરતાં પહેલા રજૂ કરવાનું રહેશે.

૨૭. GDCRની કલમ ૧૭.૨ ની પેટા કલમ નં.૫ પ્રમાણે ફાયર ફાઇટીંગ માટે પૂરતા પ્રમાણમાં પાણી મળી રહે તે માટે બિલ્ડીંગની બહાર મહાનગરપાલિકાની મુખ્ય પાણીની નળિકા ઉપર એક ફાયર હાઇડ્રન્ટજરૂરી લાગતભરી જે તે વોર્ડ ઓફીસમાં જરૂરી સાધનીક કાગળો રજૂ કરી બેસાડવાનોરહેશે જે માટેના જરૂરી સાધનીક પત્રો ફાઇનલ ટેસ્ટીંગ વખતે રજૂ કરવાનાં રહેશે.

૨૮. બિલ્ડીંગની બાઉન્ડ્રી વોલ તથા સ્ટ્રકચર વચ્ચે ફાયર ફાઇટીંગ માટેના વાહનો સહેલાઇથી ફરી શકે તે માટે કોઇપણ પ્રકારનો પાર્કીંગશેડ બનાવવો નહીં.

૨૯. બિલ્ડીંગના સૌથી ઉંચા ભાગ ઉપર એપુલ્વ ટાઇપનું લાઇટનીંગ એરેસ્ટર લગાવવું.

૩૦. GDCR ની કલમ નં. ૧૭.૨ ની પેટા કલમ નં.૧ થી ૧૧ નું પાલન કરવાનું રહેશે.

૩૧. જો ગેટ બનાવવાનો હોય તો ગેટ ૬ મીટર પહોળાઇ તથા ૫ મીટર ઉંચાઇ વાળો બનાવવાનો રહેશે.

૩૨. એન.ઓ.સી. મળ્યા બાદ ત્રણ વર્ષમાં પૂર્ણ બાંધકામ કરવાનું રહેશે જો તેમ કરવામાં નહીં આવે તો સદર એન.ઓ.સી. રદ ગણાશે.

૩૩. રજુ કરેલ નકશામાં દર્શાવેલ રોડ વીશે કોઇ ખોટી માહિતી રજુ કરવામાં આવશે તો એન.ઓ.સી. રદ ગણવામાં આવશે.

૩૪. જે હેતુ માટે એન.ઓ.સી. આપવામાં આવેલ હોય તે જ હેતુ માટે બિલ્ડીંગનો વપરાશ કરવો અન્યથાં જો હેતુ ફેર થશે તો સદર એન.ઓ.સી. આપો આપ રદ ગણાશે.

૩૫. બિલ્ડીંગના દરેક ફ્લોર પર આગ લાગે ત્યારે ધુમાડો જલ્દીથી બહાર નીકળી શકે તે માટે પુરતા પ્રમાણમાં તથા પુરતી પહોળાઇવાળા વેન્ટીલેશનો ખુલ્લા રાખવાનારહેશે. વચ્ચેના ભાગે પુરતી ક્ષમતાના મોટા એક્ઝોસ્ટ ફેન મૂકી વેન્ટીલેશન આપો આપ ખુલી જાય તેવી વ્યવસ્થા ગોઠવવી અને આ વ્યવસ્થા જનરેટર પર પણ ચાલે તેવી ખાતરી કરવી.

૩૬. ફાયર સીસ્ટમનું કામકાજ શરૂ કરતાં પહેલાં જે તે એજન્સીને સદર એન.ઓ.સી.ની તમામ શરતોથી વાકેફ કરવા. અન્યથા આયોગ્ય રીતે તૈયાર થયેલ ફાયર ફાઇટીંગ સીસ્ટમ કેન્સલ કરી ફરી કામ લાગે તે રીતે સીસ્ટમ બનાવવા માટેની ફરજ પાડવામાં આવશે અને ત્યાર બાદ જ ફાયનલ એન.ઓ.સી. આપવામાં આવશે. કોઇપણ કન્સલટન્ટ નક્કીકરો તો તેનાં ભણતર, જ્ઞાન તથા અનુભવના આધારે નક્કી કરો અયોગ્ય કન્સલટન્ટ દ્વારા તેઓનાં મનધડંત ડીઝાઇન બનાવવાની બાબત ધ્યાનમાં આવશે તો તે ફાયનલ એન.ઓ.સી. મેળવવામાં અસરકર્તા રહેશે. ફાયર ફાઇટીંગ સીસ્ટમનું ડ્રોઇંગ અત્રે પ્રમાણીત કરાવવાનું રહેશે.

૩૭. ટાવર દીઠ એક લાખ લીટરની ક્ષમતા વાળી પાણીની ટાંકી અલગ અલગ અથવા એક અનુકુળતાં પ્રમાણે બનાવવી પરંતુ દરેક ટાવરમાં ફાયર ફાઇટીંગ સીસ્ટમ અલગ રહેશે એટલે કે. દાદર પ્રમાણે રહેશે અને આ સંજોગોમાં કોઇપણ એક ટાવરની સીસ્ટમ અથવા એક થી વધારે સીસ્ટમ અથવા એક સાથે બધી સીસ્ટમ ચાલુ થઇ શકે અને વપરાઇ શકે તેવી વ્યવસ્થા કરવી.

૩૮. જો કેમ્પસ એરિયા વધારે બાંધકામ વાળો થશે તો ચીફ ઓફિસર (ફાયર) શ્રીને જરૂર જણાશે તો ફાયર હાઇડ્રન્ટ સીસ્ટમ કેમ્પસમાં તેઓનાં જણાવ્યા મુજબ જરૂરીઆત પ્રમાણે જાહેર સલામતી માટે કરવાની રહેશે.

૩૯. જો જી.ઇ.બી.નાં ટ્રાન્સફર્મર હોય તો તેને બાઉન્ડ્રી વૉલ બનાવી ત્યાં એક નંગ ૫ કે.જી. ડીસીપી ફાયર એક્સ્ટીંગયુઝર્સ રાખવું.

૪૦. ફ્લોર એરીયા વધારે હોય તે સંજોગોમાં દાદર દીઠ રાઇઝર લાઇન મૂકવાની રહેશે.

૪૧. સ્મોક ડીટેક્ટર સીસ્ટમ અત્રેની સૂચના પ્રમાણે કરવાની રહેશે.

૪૨. જી.ડી.સી.આર.માં જણાવેલ ૭.૧ પ્રમાણે બે માંથી એક ફાયર લીફ્ટ તરીકે રાખવાની રહેશે.

૪૩. બિલ્ડીંગના બાંધકામ માટે સ્ટ્રકચરલ સ્ટેબીલીટીનો ટેસ્ટ રિપોર્ટતથા સ્ટ્રકચરલ એન્જીનીયરનું સર્ટીફીકેટ રજૂ કરવું.

૪૪. સ્ટ્રકચરલ એન્જીનીયરશ્રીનું સર્ટીફીકેટ રોડ, ટાંકી તથા ડ્રેનેજનાં ઢાંકણાની મજબુતાઇ માટે રજૂ કરવાનું રહેશે.

૪૫. દરેક ટાવરની લાઇન પર આઇસોલેશન વાલ્વ તથા ટુ વે કલેક્ટીંગ હેડ લગાવવાનો રહેશે.

૪૬. ફાઇનલ એન.ઓ.સી. લેતાં પહેલાં ફાયર ફાઇટીંગ સીસ્ટમ ઇન્સ્ટોલ કરતાં પહેલા અત્રેની શાખાએ ફાયર ફાઇટીંગ સીસ્ટમનાં નકશા એપ્રુવલ અર્થે રજૂ કરવા.

૪૭. એકસર્ટનલ સ્ટેરકેસની વ્યવસ્થા બિલ્ડીંગની ડિઝાઇન અનુસાર કરવાની રહેશે.

૪૮. અંડરગ્રાઉન્ડ ટાંકીનું ડ્રોઇંગ માપ સાથેનું રજૂ કરવું.

૪૯. મંજુર કરેલ નકશામાં દર્શાવેલ બાંધકામ પુરતુ એન.ઓ.સી. મર્યાદીત રહેશે.

૫૦. જો સદર બિલ્ડીંગમાં એલીવેશન માટે (આગળ, જમણી, તથા ડાબી બાજુએ, બન્ને બાજુ) ગ્લાસ એલીવેશન / ACP / ગ્લાસ પર્ટીશન, રાખવાનું હોય તો નેશનલ બિલ્ડીંગ કોડનાં નિયમાનુસાર ફાયર રેટીંગ હોવા જરૂરી છે તેમજ તેનું સર્ટી. રજૂ કરવાનું રહેશે.

૫૧. જો સદર બિલ્ડીંગમાં એલીવેશન માટે (આગળ, જમણી, તથા ડાબી બાજુએ, બન્ને બાજુ) ગ્લાસ એલીવેશન / ACP / ગ્લાસ પર્ટીશન, રાખવાનું હોય તો નેશનલ બિલ્ડીંગ કોડનાં નિયમાનુસાર ફાયર રેટીંગ હોવા જરૂરી છે તેમજ તેનું સર્ટી. રજૂ કરવાનું રહેશે.

૫૨. ગ્લાસ ફસાર્ડ બિલ્ડીંગમાં ફલોર ટુ ફલોર સ્પેશ કવરીંગ કંસ્ટ્રકશન (સીલ્ડન્ટ વર્ક) નેશનલ બિલ્ડીંગ કોડનાં નિયમાનુસાર કરવાનું રહેશે.

૫૩. બિલ્ડીંગલમાં કવર સ્ટેરકેશ વગેરે બિલ્ડીંગોમાં ફલોર ટુ ફલોર ઇલેકટ્રીક વાયરીંગ ડકડ / શાફ્ટ નેશનલ બિલ્ડીંગ કોડનાં નિયમાનુસાર ફાયર રીટારડન્ટ મટીરીયલથી સીલ્ટ કરવાનું રહેશે.

૫૪. બેઝમેન્ટમાં સ્ટેરકેશ સીડી ગ્રાઉન્ડ ફલોર પર જઇ શકે તેવી જરૂરીઆત પ્રમાણેની વ્યવસ્થા કરવી.

૫૫. ઇમરજન્સી એકઝીટ સાઇન નેશનલ બિલ્ડીંગ કોડ પાર્ટ ૪.૨.૭ અને I/S ૯૪૫૭ / ૧૯૮૦ પ્રમાણે કરવાના રહેશે.

૫૬. સ્કાઇ લાઇટ વાયરડ ગ્લાસ એટલીસ્ટ અડધો કલાકનાં ફાયર રેજીસ્ટંટ રેટીંગ વાળા એન.બી.સી કોડ પ્રમાણે રાખવા અને તેના સર્ટી. રજૂ કરવા.

૫૭. નેશનલ બિલ્ડીંગ કોડ પાર્ટ-૮ પ્રમાણે બેઝમેન્ટમાં સ્મોક મેનેજમેન્ટ (એ.એચ.યુ., એચ.વી.એ.સી., મીકેનીકલ એકઝોસ્ટની યોગ્ય વ્યવસ્થા રાખવી જેથી ઇમરજન્સીમાં કામગીરી થઇ શકે.

૫૮. ફાયર સેફટી માટે નકશામાં બતાવેલ રસ્તાઓ પરથી હાઇડ્રોલીક એલીવેટેડ પ્લેટફોર્મથી ફાયર ફાઇટીંગ તથા બચાવ કામગીરી માટે ઓપરેટ થઇ શકે તે માટે પૂરતી પહોળાઇ, લંબાઇ તથા કોઇપણ પ્રકારનાં અડચણ વિનાનો ખુલ્લો રસ્તો રાખવાનો રહેશે તથા બે ટાવર વચ્ચે જો સુરક્ષીત અંતર જળવાતુ નહીં હોય તો અને ફાયર સેફટીનાં વ્હીકલ ઓપરેટ થઇ શકે નહીં, તેવા સંજોગોમાં ફાયનલ એન.ઓ.સી. આપી શકાય નહીં.

ઉપરોકત સૂચનોની પૂર્તતા થયા બાદ નિયમાનુસાર અરજી કરી લાગત ભર્યા બાદ અત્રેથી ફાઇનલ એન.ઓ.સી. આપવામાં આવશે.

ચીફ ઓફિસર (ફાયર)
મહાનગરપાલિકા,
વડોદરા.

નકલ રવાના:

શ્રી પ્રજાપતિ અમૃતલાલ મોતીભાઇ તથા અન્ય
મોજે સેવાસી, તા.જી. વડોદરા

જાણ સારૂ. . . .

E:\2016-17\HiRise\First\Com. + Res\05-Vuda-HR-R+C-Bhaili-Rs-128-Op-15-Fp-15-AMPrajapati-130516.docx

એન.આર.નં.૨૬/૨૦૧૪

કલેકટર
વડોદરા

નં.વતન/વશી/૬૪૧/૨૦૧૫
કલેકટર કચેરી, ચિટનીશ શાખા,
વડોદરા. તા.૧૩/૦૮/૨૦૧૫.

વાંચ્યા :

૧. અરજદારશ્રી અમૃતલાલ મોતીભાઈ પ્રજાપતિ વગેરે રહે. C/O સત્યનારાયણ ટ્રેડર્સ, ગોરવા, વડોદરાની તા.૧૧/૦૮/૨૦૧૪ ની મૂળ અરજી

૨. મામલતદારશ્રી વડોદરા ગ્રામ્યના પત્ર નંબર. જમીન/વશી/૧૪૪૫/૨૦૧૪, તા.૨૦/૧૨/૨૦૧૪ થી સાધનિક કાગળો સહ રજૂ થયેલ અહેવાલ–અભિપ્રાય.

૩. સરકારશ્રીના મહેસુલ વિભાગના ઠરાવ ક્રમાંક : નશજ/૧૦૨૦૦૬/૫૭૧/જ(પાર્ટ–૨), તા. ૪/૭/૨૦૦૮ તથા તા.૦૩/૦૫/૨૦૧૧ અને તા.૦૨/૦૬/૨૦૧૨ ના સમાનાંકી ઠરાવો.

૪. શ્રેયાન તિજોરી અધિકારી, વડોદરાના પત્ર નં.તજર/વડો/બુક/વશી/૧૧૬/૨૦૧૫ તા.૦૫/૦૩/૨૦૧૫ થી રજૂ થયેલ સરકારશ્રીના "૦૦૨૯" સદરનું તા.૦૧/૦૨/૨૦૧૫ થી તા.૨૮/૦૨/૨૦૧૫ સુધીના સમયગાળાનું સ્ટેટમેન્ટ.

વ.ઓ.૨
ટ્રેઝરી
૨૧

// હુકમ //

(૧) મોજે.સેવાસી, તા.વડોદરા(ગ્રામ્ય), જી.વડોદરાના સ.નં.૧૨૬, બ્લોક નં.૧૨૮ ક્ષે.૦–૩૯–૪૬ ચો.મી વાળી જમીનમાં ટી.પી.૩, એફ.પી–૧૫ જાહેર થતા ક્ષે.૨૪૭૮ ચો.મી. વાળી બિનખેતીના હેતુ માટે પ્રિમિયમને પાત્ર શરતની જમીન હાલના કબજેદારો/અરજદારશ્રી અમૃતલાલ મોતીભાઈ પ્રજાપતિ વગેરે રહે. C/O સત્યનારાયણ ટ્રેડર્સ, ગોરવા, વડોદરાએ બિનખેતીના રહેણાંકના હેતુ માટે શરતફેર કરવા પરવાનગી મળવા વંચાણ–૧ની અરજીથી માંગણી કરેલ છે.

(૨) સવાલવાળી જમીન એટલે કે મોજે.સેવાસી તા.વડોદરા(ગ્રામ્ય), જી.વડોદરાના સ.નં.૧૨૬ બ્લોક નં.૧૨૮ વાળી જમીનના રજુ થયેલ અદ્યતન ૭/૧૨ મુજબ સવાલવાળી જમીન હાલ (૧) પ્રજાપતી અમૃતલાલ મોતીભાઈ (૨) પ્રજાપતી કાંતાબેન અમૃતલાલ (૩) પ્રજાપતી છાયાબેન અમૃતલાલ (૪) પ્રજાપતી જ્ઞાનેશકુમાર અમૃતલાલ (૫) પ્રજાપતી ચિરાગકુમાર અમૃતલાલ વગેરેના સંયુકત ખાતે " બિનખેતી પ્રિમિયમને પાત્ર" શરતે ચાલે છે, અને અરજદારશ્રીઓએ સવાલવાળી જમીન બિનખેતીના રહેણાંકના હેતુ માટે શરતફેર કરવા પરવાનગી મળવા માંગણી કરેલ છે.

(૩) સક્ષમ અધિકારીશ્રી અને નાયબ કલેકટરશ્રી (જ.સુ) શ.જ.ટો.મ.ની વડોદરા ની કચેરીના પત્ર નં.યુએલસી/ વશી/ ૧૦૦૪/ ૨૦૧૪ તા.૧૨/૧૨/૨૦૧૪ થી જણાવ્યા મુજબ સવાલવાળી જમીન સરકારશ્રીના તા.૨/૭/૭૯ ના હુકમથી ખેતીમુકિત આપેલ. જે તા.૩૦/૩/૯૯ ના રોજ મુળ કાયદો રદ થતાં સુધી ચાલુ રહેલ છે. આમ સવાલવાળી જમીન કે તે પૈકીની કોઈ જમીન વધારાની ફાજલ જાહેર થયેલ નથી. તથા સરકાર પક્ષે કબજો સંભાળેલ નથી. જેથી રીપીલ એકટની જોગવાઈઓ ધ્યાને લઈ અરજદારશ્રીની માંગણી વાળી સવાલવાળી જમીન શરતફેર કરવા પરવાનગી આપવામાં આવે તો અત્રેની કચેરીને હરકત સરખું નથી. તેમ જણાવેલ છે.

(૪) વડોદરા શહેરી વિકાસ સત્તા મંડળના ઝોન સર્ટી નં.યુડીએ/પ્લાન–૩/ આર૨૯/૨૦૧૪ તા.૧/૦૯/૨૦૧૪ થી સવાલવાળી જમીન સરકારશ્રી દ્વારા મંજુર અને હાલ અમલી દ્વિતીય પુનરાવર્તિત વિકાસ યોજના મુજબ રહેણાંક ઝોન માં આવે છે. આથી જી.ડી.સી.આર. ના ઝોનીંગ રેગ્યુલેશન મુજબ સવાલવાળી જમીનમાં બિનખેતીના રહેણાંકના હેતુ માટે શરતફેર કરવા પરવાનગી આપવામાં આવે તો ઝોનની દ્રષ્ટિએ વાંધા સરખું નથી. તેમ જણાવેલ છે.

Scanned by CamScanner

સવાલવાળી જમીન બીનખેતીના રહેણાંકના હેતુ માટે ઉપયોગ કરતાં પહેલા જમીન મહેસુલ અધિનિયમની કલમ–૬૫ની સક્ષમ અધિકારીશ્રીની પરવાનગી મેળવવાની રહેશે.
પ્રશ્નવાળા સર્વે નંબરની જમીન પૈકી બિનખેતીમાં ફેરવતાં ખેતીના હેતુ માટે બાકી રહેતી જમીનમાં નવી શરતની જમીનમાં નવી શરતની જમીન અંગેના નિયંત્રણો ચાલુ રહેશે. તલાટી તેમજ સંબંધિત મહેસુલી અધિકારીએ આવી નોંધ ચાલુ રહી છે તે સુનિશ્ચિત કરવાનું રહેશે.

૬. સવાલવાળી જમીન અરજદારશ્રીએ જો સાંથણીમાં મળેલ હશે તો હવે ફરીથી સાંથણીમાં જમીન મેળવવાને હકકદાર રહેશે નહીં.

૭. મહેસુલ વિભાગના તા.૫/૧/૨૦૧૦ ના ઠરાવ ક્રમાંકઃગણત/૧૧૦૮/૪૭૪/ઝ ની જોગવાઈ મુજબ ટી.પી.સ્કિમ આખરી થયેથી ક્ષેત્રફળમાં કોઈ તફાવત આવે તો તે પ્રમાણે પ્રિમિયમ ભરપાઈ કરવાની રહેશે.

ઉપરની કોઈપણ શરતના ભંગ બદલ આપેલ પરવાનગી આપોઆપ રદ ગણવામાં આવશે તથા તે કારણસર જમીન ખાલસા કરી વિના વળતરે સરકાર દાખલ કરવામાં આવશે, જે બદલ વળતર મળશે નહિ કે, હકક દાવો ચાલશે નહિ.

રવાના કર્યું :
ચીટનીશ ટુ કલેકટર વડોદરા

સહી/–
(અવંતિકા સિંઘ)
કલેકટર વડોદરા

કલેકટર વડોદરા

પ્રતિ, રજી.પો.એ.ડી.થી
(૧) અરજદારશ્રી પ્રજાપતી અમૃતલાલ મોતીભાઈ વગેરે
રહે. C/O સત્યનારાયણ ટ્રેડર્સ, ગોરવા, વડોદરા

નકલ રવાના :

૧. મામલતદારશ્રી વડોદરા ગ્રામ્ય તરફ કામનાં અસલ કાગળો (પાન નં. તથા ૧ થી ૨૪૭ સુધી) સહ.
ર/– જાણ વ હુકમ અન્વયે જરૂરી કાર્યવાહી થવા તથા હુકમની નોંધ ગામ દફતરે પાડી તેની ફેરફાર નોંધ તથા ૭/૧૨ ની નકલો મોકલી આપવા સારૂ
૨. સબ રજીસ્ટ્રારશ્રી, વડોદરા.
ર/– જાણ વ જરૂરી કાર્યવાહી થવા સારૂ.
૩. નાયબ કલેકટરશ્રી વડોદરા ગ્રામ્ય તરફ જાણ સારૂ
૪. જિલ્લા નિરીક્ષકશ્રી, જમીન દફતર, વડોદરા તરફ
ર/– જાણ વ જરૂરી કાર્યવાહી થવા સારૂ.
૫. સેકશન અધિકારીશ્રી, મહેસુલ વિભાગ, 'જ' શાખા, સચિવાલય, ગાંધીનગર તરફ
ર/– સરકારશ્રીનાં વંચાણ–૩ નાં ઠરાવો તથા પત્ર નં.નશજ/૧૪૨૦૧૨/ ૨૮૭૫/જ તા.૧૯/૧૦/૨૦૧૨ અન્વયે જાણ વ શ્રૃત થવા સારૂ.
૬. તલાટી કમ મંત્રીશ્રી સેવાસી તા.જિ.વડોદરા તરફ
ર/– જાણ વ અમલ થવા સારૂ

Scanned by CamScanner

એન.એ./એસ.આર/૫૮ / ૨૦૧૫-૧૬

વિષય :- મોજે સેવાસી તા.વડોદરાના બ્લોક નં.૧૨૮ (સ.નં.૧૨૬ ટી.પી.નં.૩, ફા.પ્લોટ નં.૧૫ ની ૨૪૩૮ ચો.મી જમીનની રહેણાંકના હેતુસર બીનખેતીનો ઉપયોગ કરવા જમીન મહેસુલ સંહીતાની કલમ-૬૫ હેઠળ પરવાનગી

નં.જમીન/ડી/કલમ-૬૫/વશી/૭૬૧૧ થી ૭૬૧૮/૧૫
બિનખેતી શાખા, કલેક્ટર કચેરી,
રૂમ નં.૩૦, કોઠી બિલ્ડીગ,
વડોદરા તા.૧૯ / ૧૦ / ૨૦૧૫

આમુખ :-

(૧) અરજદારશ્રી પ્રજાપતિ અમૃતભાઈ મોતીભાઈ વિગેરે રહે.સત્યનારાયણ ટ્રેડર્સ, તા.જી.વડોદરાની મોજે સેવાસી તા.વડોદરાના બ્લોક નં.૧૨૮ (સ.નં.૧૨૬) ટી.પી.નં.૩, ફા.પ્લોટ નં.૧૫ ની ૨૪૩૮ ચો.મી. જમીનની રહેણાંકના હેતુ માટે બિનખેતીની પરવાનગી મેળવવાની " તત્કાલ બિનખેતી યોજના" હેઠળની અરજી ક્રમાંક ૫૮ ની તા.૦૪/૦૯/૧૫ ની અરજી તથા રજુ થયેલ આધાર પુરાવા સોગંદનામું વિગેરે

(૨) જનસેવા કેન્દ્ર કલેક્ટર કચેરી, વડોદરાના પત્ર નં.જનસેવા/કલમ-૬૫/બાર કોડ નંબર ૧૧૧૩૩૫ તા.૦૪/૦૯/૧૫ થી માંગેલ જુદી જુદી કચેરીના અભિપ્રાયો

(૩) મુંબઈ જમીન મહેસુલ અધિનિયમ-૧૮૭૯ ની કલમ-૬૫, ૬૬, ૬૭ હેઠળના અધિકારો તથા ગુજરાત નિયમો ૧૯૭૨ ના ગુજરાત સરકારશ્રીના મહેસુલ નિયમોના-૧૦૦, ૧૦૧

(૪) ગુજરાત સરકારશ્રી મહેસુલ વિભાગના છેવટના ઠરાવ ક્રમાંક: બખપ/૧૦૦૬/૪૨૫/ક, તા.૦૧/૦૭/૨૦૦૮

(૫) કલેક્ટરશ્રી, વડોદરાના હુકમ નં.વતન/વશી/૬૪૧/૧૫ તા.૧૯/૦૮/૧૫ નો હુકમ

(૬) તા.૦૫/૧૦/૧૫ ની કાર્યાલય નોંધ ઉપર અપાયેલ આદેશ

હુકમ :-

એપેન્ડીક્સ-એ માં દર્શાવેલ જમીનના કબજેદાર ધ્વારા આમુખ -(૧) માં દર્શાવેલ અરજીથી જમીનનો બિનખેતીના રહેણાંકના હેતુ માટે ઉપયોગ કરવા બિનખેતી પરવાનગીની માંગણી કરેલ છે. કામના કાગળોમાં રેકર્ડ ઉપર અરજદારનું નામ કબજેદાર તરીકે ચાલે છે. તથા શહેરી જમીન ટોચ મર્યાદા અને નિયંત્રણ અધિનિયમ ૧૯૭૬ કાયદા અન્વયે પ્રશ્નવાળી જમીન ફાજલ થયેલ નથી કે સરકાર પક્ષે કબજો લેવાયેલ નથી અન્ય કોઈ કાર્યવાહી ચાલુમાં ન હોવાનું કાગળો ઉપરથી તથા રજુ થયેલા સોગંદનામા ઉપરથી ફલિત થાય છે. આમુખ-(૨) માં દર્શાવ્યા મુજબ સબંધિત કચેરીઓના હકારાત્મક અભિપ્રાય મળેલા છે. આમુખ-૫ માં દર્શાવેલ હુકમથી પ્રશ્નવાળી જમીનને બિનખેતીના રહેણાંક હેતુ માટે શરતફેરની પરવાનગી આપવામાં આવેલ છે. અરજદારે બાંધકામ અંગેના સુચિત લે આઉટ / કી પ્લાનની નકલ રજુ કરેલ છે. તથા તા.૦૬/૧૦/૧૫ ના રોજનું આર્કિટેકનું સર્ટીફીકેટ રજુ કરેલ છે.

અ. નં.	જમીનની વિગત	(ચો.મી)
૧	કોમન પ્લોટનું ક્ષેત્રફળ	૨૫૧.૪૯
૨	બ્લોક નં.૧થી ૨૪ મકાનોના સબ પ્લોટસનું કુલ ક્ષેત્રફળ	૧૪૯૬.૫૧
૩	આંતરીક રસ્તાનું કુલ ક્ષેત્રફળ	૬૯૦.૦૦
	કુલ ક્ષેત્રફળ	૨૪૩૮.૦૦

Scanned by CamScanner

એપેન્ડીક્સ–એ (જમીનની વિગત)

કબજેદારશ્રી : (૧) શ્રી પ્રજાપતિ અમૃતલાલ મોતીભાઈ
(૨) શ્રી પ્રજાપતિ કાન્તાબેન અમૃતલાલ
(૩) શ્રી પ્રજાપતિ છાયાબેન અમૃતલાલ
(૪) શ્રી પ્રજાપતિ જીતેશકુમાર અમૃતલાલ
(૫) શ્રી પ્રજાપતિ ચિરાગકુમાર અમૃતલાલ

મોજે સેવાસી	તા.વડોદરા	કરાવેલ વિશેષ ધારો RS.610/-
બ્લોક નં.૧૨૮	સ.નં.૧૨૬	ટી.પી.નંબર ૩
ફા.પ્લોટ નં.૧૫	૨૪૩૮ ચો.મી.	બિનખેતી હેતુ : રહેણાંક

એપેન્ડીક્સ–બી (કરવેરાની વિગત) રહેણાંક હેતુ માટે

(૧) રૂપાંતર કરની રકમ	રૂા.	૪,૮૭૬/–		તા.૦૬/૧૦/૧૫
(૨) માપણી ફી	રૂા.	૮,૧૦૦/–	ચલન નંબર ૭૫૯/૧૫–૧૬	તા.૦૮/૧૦/૧૫
(૩) વિશેષધારો	રૂા.	૬૧૦/–		
(૪) લોકલ ફંડ	રૂા.	૩૦૫/–		
(૫) શિક્ષણ ઉપકર	રૂા.	૧૫૩/–		

સરકારશ્રીની સુચના અનુસાર એડવાન્સમાં બે વર્ષનો વિશેષધારો, લોકલ ફંડ તથા શિક્ષણ ઉપકરની રકમ નીચે મુજબ તલાટીશ્રી સેવાસીની કચેરીમાં જમા કરાવી અસલ પહોંચ અત્રે રજુ કરેલ છે.

(૧) વિશેષધારો/ લોકલ ફંડ	રૂા.	૭,૩૨૦/–	પહોંચ નંબર	૫૯	તા.૦૬/૧૦/૧૫
(૨) શિક્ષણ ઉપકર	રૂા.	૪૬૦/–	પહોંચ નંબર	૨૦	તા.૦૬/૧૦/૧૫
(૩) તાલુકા પંચાયત (શિક્ષણ ઉપકર)	રૂા.	૧,૮૩૦/–	પહોંચ નંબર	૨૭	તા.૦૬/૧૦/૧૫

વંચાણ–૫ ના હુકમ નં.વતન/વશી/૬૪૧/૧૫ તા.૧૯/૦૮/૧૫ ના હુકમથી રહેણાંકના હેતુ માટે પ્રિમીયમની રકમ વસુલ લઈ જમીન જુની શરતમાં શરતફેર કરી આપવામાં આવેલ છે. અરજદારે આ શરતફેરના હુકમની તમામ શરતોનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.

એપેન્ડીક્સ–એ માં જણાવેલ જમીનમાં કબજેદારે તા.૨૮/૦૭/૧૫ ના સોગંદનામામાં જણાવેલ છે કે, સવાલવાળી જમીન સ્થળે ખુલ્લી છે. બાંધકામ નથી અને તેમના પ્રત્યક્ષ કબજા ભોગવટાની આવેલ છે તથા સવાલવાળી જમીન અંગેના ચતુર્દિશાના ફોટોગ્રાફ્સ રજુ કરેલ છે.

એપેન્ડીક્સ–બી માં જણાવ્યા મુજબની રૂપાંતરકરની રકમ કબજેદારે જમા કરાવી અત્રે ચલન તથા પહોંચ રજુ કરેલ છે. જેથી કબજેદારની માંગણી તથા ઉપર મુજબની હકીકતે નીચે દર્શાવેલ શરતોને આધીન જમીન મહેસુલ અધિનિયમ–૧૮૭૯ ની કલમ–૬૫ હેઠળ એપેન્ડીક્સ–એ માં દર્શાવેલ ક્ષેત્રફળવાળી જમીન ઉપર બિનખેતીનો ઉપયોગ કરવા નિર્દીષ્ટ હેતુસર આપવા અત્રેના અધિકાર પરત્વે આથી હુકમ કરવામાં આવે છે.

શરતો :–

(૧) આ પરવાનગી સ્થાનિક સત્તા મંડળ ધ્વારા રજુ કરવામાં આવતાં નકશા તેમજ વિકાસ પરવાનગી શરતોના અમલીકરણને આધિન રહેશે. વધુમાં વિકાસ પરવાનગી અન્વયે કરવામાં આવતો વિકાસ અને તેનો વપરાશ વિકાસ યોજનાના નિયંત્રણો વિનિયમો તેમજ "વુડા"/મ્યુનિ.કોર્પોરેશન અને રાજય સરકાર ધ્વારા આપવામાં આવતા વખતો વખતના આદેશો/ નિર્દશનોનો આધીન રહેશે. જમીનના માલિક/ કબજેદારોએ પરવાનગી હેઠળની જમીનનો વિકાસ સબંધિત સત્તા મંડળની વિકાસ પરવાનગી આધીન રહીને જ કરવાનો રહેશે.

Scanned by CamScanner

વરસાદી પાણીના ભુગર્ભ વહન/સંચય માટે દર મકાન/ બહુમાળી મકાન દીઠ એકના દરે વરસાદી પાણીના નિકાલ માટે " પરકોલેટીંગ બોર " ની વ્યવસ્થા અચૂક કરવાની રહેશે.

એપેન્ડીક્સ–એ માં દર્શાવેલ બિનખેતી હેતુ તેમજ ક્ષેત્રફળ મુજબ એપેન્ડીક્સ–બી મુજબ કરવેરા વસુલ લેવામાં આવેલ છે. તે સિવાય બાંધકામનો અન્ય હેતુ માટે ઉપયોગમાં લઈ શકશે નહી.

નિયમોનુસાર સદર પરવાનગી હેઠળની જમીનનો ઠરાવેલ વિશેષધારાએ અત્રેથી ફેરફાર કરવામાં ન આવે ત્યાં સુધી દર વર્ષે પહેલી ઓગષ્ટ થી નિયત થયેલ મહેસુલી વર્ષથી ભરવાનો રહેશે ઉપરાંત કબજેદારો તે પરથી નકકી થતો લોકલ ફંડ, શિક્ષણ ઉપકર તથા અન્ય કરવેરા પણ દર વર્ષે ચુકવવાના રહેશે.વિશેષધારો વડોદરા શહેરી વિસ્તાર પુરતો સુપ્રિમ કોર્ટમાં આ બાબતનો નિકાલ આવ્યેથી તે ચુકાદાને આધીન રહીને ભરવાનો રહેશે. પરતું બિનખેતીનો ઉપયોગ શરૂ કરવામાં ન આવે ત્યાં સુધી ઉકત ઠરાવેલ વિશેષધારો દર વર્ષે બમણાં દરે ભરવાનો રહેશે.

સદરહું પરવાનગીની તારીખથી દિન–૩૦ માં ડિસ્ટ્રીક લેન્ડ રેકોર્ડ મારફતે માપણી કરાવવાની રહેશે. જે માપણી મુજબ સાઈટ પ્લાનની નકલો અત્રે રજુ કરવાની રહેશે. તથા ક્ષેત્રફળની વધઘટ મુજબનો વિશેષધારો તેમજ અન્ય ઉપકરો કબજેદારે ભરવાનો રહેશે.

જમીનની તબદીલી ફેરફાર તથા જમીન અંગેનાં અન્ય તમામ આનુસંગીક કાયદાઓને આધીન રહીને આ પરવાનગી આપવામાં આવેલ છે. જેથી અન્ય કોઈ કાયદા હેઠળ મેળવવાની થતી જરૂરી પરવાનગીઓ મેળવી લેવાની રહેશે.

(૭) સવાલવાળી જમીનમાંથી ઈલેકટ્રીક લાઈન, વીજળી ગ્રીડના તાર/ હાઈટેન્શન પાવર / થાંભલા કે ટેલીફોન લાઈન પસાર થતી હશે તો આવી લાઈન કે તેના થાંભલા ભવિષ્યમાં નાંખવાના થશે તો તે અંગે વળતર મેળવવા હકક દાવો થઈ શકશે નહી.

સદરહું પરવાનગી તારીખથી ૬ (છ) માસમાં બાંધકામ શરૂ કરી ત્રણ વર્ષમાં પુરૂ કરવાનું રહેશે.

બાંધકામનો ઉપયોગ શરૂ કરતાં પહેલાં બી.યુ. અર્થાત બિલ્ડીંગ વપરાશની પરમીશન મેળવી લેવાની રહેશે.

આ હુકમમાં અગર સનદમાં કોઈ કારકુનની અથવા ગણતરીની ભુલો હશે તો તેમાં સુધારો થઈ શકશે/ સુધારાપાત્ર રહેશે તથા આ સુધારો અરજદારને બંધનકર્તા રહેશે.

આ પરવાનગી તારીખ પછી નમુના " એમ " માં સનદ તૈયાર થયેથી અરજદારે નિયત નમુનામાં સદન ભરાવી લેવાની રહેશે.

કબજેદારે બાંધકામ શરૂ કર્યા બાદ એક માસની અંદર જીલ્લા કલેકટરશ્રીને તે મતબલની લેખિતમાં જાણ કરવાની રહેશે. તેવી જ રીતે જે બાંધકામ છે. તે પુર્ણ થયેથી પણ એક માસની અંદર તેની લેખિત જાણ જીલ્લા કલેકટરશ્રીને કરવાની રહેશે.

આમુખ નં.(૪) માં જણાવેલ ગુજરાત સરકારશ્રી મહેસુલ વિભાગના છેવટના તા.૦૧/૦૭/૨૦૦૮ ના ઠરાવ ક્રમાંકઃ બખપ/૧૦૦૬/૪૨૫/ક, ના પરિશિષ્ટમાં ઉલ્લેખ (૧) થી (૧૯) તમામ શરતોનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે અરજદારને બાહેંધરી ખતની શરતોને આધીન આ મંજુરી આપવામાં આવે છે. અરજદારે બાહેંધરી ખતમાં ઉલ્લેખાયેલ તમામ શરતોનું પાલન કરવાનું રહેશે. જો

Scanned by CamScanner

અરજદાર ઉક્ત ૧ થી ૧૨ શરતો તેમજ બાંહેધરી ખત પૈકીની કોઈ પણ શરતોનો ભંગ કરશે તો તેની સામે શરતભંગની કાર્યવાહી કરવામાં આવશે. ઉક્ત બાંહેધરી ખતની નકલ સદર હુકમ સાથે સામેલ છે.

(૧૪) આ પરવાનગી અરજદારે રજુ કરેલ વિગતોનાં આધારે આપવામાં આવેલ છે. રજુ થયેલ કોઈ વિગત ખોટી હોવાનું જાહેર થયેથી કે ઉપરની નિર્દીષ્ટ કોઈ પણ શરતોનો ભંગ થયેથી આ પરવાનગી આપોઆપ રદ થયેલી ગણાશે તથા જમીન મહેસુલ કાયદા ૧૮૭૯ અંતગર્ત કલમ ૭૯(એ) હેઠળ પગલાં લેવા પાત્ર રહેશે. અને તત્કાલીન અમલમાં હોઈ તેવા બીજા કોઈપણ કાયદાની જોગવાઈઓનો બાધ વિના ઈન્ડીયન પીનલ કોડ હેઠળ કબજેદારો ફોજદારી ગુના માટે શિક્ષાત્મક પગલાં લેવાને પાત્ર બનશે તથા જમીન મહેસુલ કાયદા ૧૮૭૯ ની કલમ ૬૬ તથા મુંબઈ જમીન મહેસુલ નિયમો–૧૯૭૨ નાં નિયમોનાં નિયમ–૧૦૦ અનુસાર યોગ્ય તે દંડનાત્મક કાર્યવાહી કરવામાં આવશે અને બાંધકામ દુર કરાવવા સહીતનાં એક કે વધુ પગલાં લેવામાં આવશે.

(૧૫) સવાલવાળી જમીન અંગે અરજદારશ્રીએ રજુ કરેલ સુચિત લે–આઉટ પ્લાનમાં દર્શાવ્યા પ્રમાણે રસ્તા પૈકીની જમીન, કોમન પ્લોટની જમીન અને સહીયારા ઉપયોગ માટે ખુલ્લી રાખેલ જમીનનું કોઈપણ રીતે વેચાણ થઈ શકશે નહી.

બિડાણ :– બાંહેધરી ખત

રવાના કર્યું

મામલતદાર (બિનખેતી)
કલેક્ટર કચેરી, વડોદરા

(કલેક્ટર વડોદરા)

સહી/–
(અવંતિકા સિંઘ)
કલેક્ટર, વડોદરા

પ્રતિ,
(૧) શ્રી પ્રજાપતિ અમૃતલાલ મોતીભાઈ
(૨) શ્રી પ્રજાપતિ કાન્તાબેન અમૃતલાલ
(૩) શ્રી પ્રજાપતિ છાયાબેન અમૃતલાલ
(૪) શ્રી પ્રજાપતિ જીતેશકુમાર અમૃતલાલ
(૫) શ્રી પ્રજાપતિ ચિરાગકુમાર અમૃતલાલ
સત્યનારાયણ ટ્રેડર્સ,
તા.જી. વડોદરા.

નકલ રવાના :–

(૧) મુખ્ય કારોબારી અધિકારીશ્રી, વડોદરા શહેરી વિકાસ સત્તામંડળ, "વુડા સર્કલ", કારેલીબાગ, વડોદરા તરફ જાણ સારૂ.

(૨) મામલતદારશ્રી વડોદરા (ગ્રામ્ય) તરફ
૨/– આગળની જરૂરી કાર્યવાહી તથા સનદ ભરાવવા અંગે ઘટતી કાર્યવાહી હાથ ધરવા તથા પ્લાન મુજબ સ્થળે બાંધકામ થાય છે કે કેમ ? શરતભંગ જણાય તો તે અંગે કાર્યવાહી કરી લેખિતમાં અહેવાલ મોકલવા સારૂ.

(૩) તલાટીશ્રી, સેવાસી તા.વડોદરા ગ્રામ્ય તરફ ગામ નમુના નં.૨ માં તથા ૪ માં નોંધ કરવા સારૂ.

(૪) તાલુકા વિકાસ અધિકારીશ્રી વડોદરા / જીલ્લા વિકાસ અધિકારીશ્રી વડોદરા તરફ હુકમની નોંધ કરવા વ અમલ કરવા સારૂ.

(૫) જિલ્લા નિરીક્ષકશ્રી, જમીન દફતર / સીટી સર્વે સુપ્રીટેન્ડન્ટશ્રી નં.૧, ૨, ૩, ૪ વડોદરા તરફ...

(૬) નાયબ મામલતદારશ્રી ઈ–ધરા વડોદરા (ગ્રામ્ય) તરફ ગા.નં.નં.૬ કોમ્પ્યુટર રેકર્ડમાં નોંધ કરવા સારૂ.

(૭) બિનખેતી શાખા, કલેક્ટર કચેરીના કલમ–૬૬ દફતર તરફ

(૮) નાયબ કલેક્ટરશ્રી વડોદરા ગ્રામ્ય તરફ જાણ સારૂ.

(૯) જન સેવા કેન્દ્ર, કલેક્ટર કચેરી, વડોદરા તરફ જરૂરી કાર્યવાહી કરવા સારુ.
(BAR CODE VDR NO.111335)

Scanned by CamScanner